RNI NO. 6304 / 62

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ



માર્ચ-૨૦૧૮ અંક - ૩
વર્ષ ૫૫ સળંગઅંક ૪૫૦
માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂ.
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી
Email : infospssmm@gmail.com
Web site : www. pancholisamaj.org

# શ્રદ્ધાંજલી





**સ્વ. જડાવબેન રમણલાલ પંચોલી**
તા. ૨૯/૧૨/૨૦૧૭

**સ્વ. રમણલાલ પિતામ્બરદાસ પંચોલી**
તા. ૩૧/૦૮/૧૯૯૫

'હે નાથ જોડી હાથ પાચે પ્રેમથી સૌ માંગીએ
શરણ મળે સાચુ તમારું, એ હૃદયથી માંગીએ
જે જીવ આવ્યો આપ પાસે, શરણમાં અપનાવજો.
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજે.....
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

## હૃદયાંજલી પ્રાર્થના

ગયેલા આત્માને મન હૃદયથી આપજે શાંતિ પૂરી
બધી રીતે એનું પ્રભુ કરાવજે સર્વ કલ્યાણ શ્રીજી
બધા જીવો સાથે ગત જીવનમાં જે થયેલો સંબંધ
કરાવી દો એને સૌ તરફથી સાવ નિશ્ચત મુકત.....

**અર્પણકર્તા**
**સ્વ. રમણલાલ પિતામ્બરદાસ પંચોલી**
**સમસ્ત પરિવારના જયશ્રી કૃષ્ણ**
**વડોદરા**

અ.સૌ. શ્વેતા – ચિ. સોહિલ
મંગલ પરિણય : ૨૨–૦૧–૨૦૧૮



# હાર્દિક શુભેચ્છાઓ....

પરિણયની પગદંડી પર ડગ માંડતા
**અ.સૌ. શ્વેતા – ચિ. સોહિલ**
ના જીવનબાગમાં
હર્ષોલ્લાસની હેલી વરસતી રહે,
સ્નેહના ફુવારા ઉડતા રહે..
અને પરિણયના ફાગ ખીલતા રહે..
એવી અમારી શુભાશિષ સહિતની
હાર્દિક શુભેચ્છાઓ

**શુભેચ્છક**
**હેમંતભાઈ સી. મિસ્ત્રી**
**ભારતીબેન એચ. મિસ્ત્રી**
**પ્રતિક પી. પંચોલી**
**મૃદુતા પી. પંચોલી**
**મિસ્ત્રી પરિવાર-પંચોલી પરિવાર**
**મહેતા પરિવાર**

# એલ.સી. સોશ્યલ ગૃપ



સ્વ. છગનલાલ ત્રિ. મિસ્ત્રી

Lalitaben Chhaganlal (L.C.) Social Group



સ્વ. લલીતાબેન સી. મિસ્ત્રી

એલ.સી. સૉશ્યલ ગુપ તરફથી સ્વર્ણિમ ફંડ માં રૂા. ૨,૦૦,૦૦૦/- (બે લાખ) પાંચ વર્ષમાં સ્વ. સી.ટી.સ્મારક નિધિને આપવાની જાહેરાત (માત્ર શૈક્ષણિક હેતુ માટે વ્યાજ વપરાશ ફંડ માટે) કરવામાં આવેલ એ પૈકી રૂા. ૧,૫૧,૦૦૦/- (એક લાખ એકાવન હજાર) સ્વ. સી. ટી. સ્મારક નિધિને મળ્યા છે... હ. હેમંતભાઈ સી. મિસ્ત્રી.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને સ્વ. સી. ટી. સ્મારક નિધિ ઉપરોકત મળેલ દાન બદલ દાતાઓ પ્રતિ હાર્દિક આભારની લાગણી વ્યકત કરે છે..

શ્રી હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી નિશિકાંત બી. મિસ્ત્રી-માનદ્ મહામંત્રી

શ્રી ધવલકુમાર જે. પંચોલી-અધ્યક્ષ
શ્રી દક્ષયકુમાર પી. ગજ્જર-મંત્રી
સી.ટી.સ્મારકનિધિ

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**

## નવયુગ શુભેચ્છક

### અગીયારમી પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. રમાબેન બાલુભાઈ પંચોલી - લેસ્ટર યુ.કે.**
**જન્મ : ૨૬.૩.૧૯૫૧ અવસાન ૧૨.૩.૨૦૦૬**

તમારો ધાર્મિક વૃત્તિવાળો માયાળુ સ્વભાવ, કૌટુંબીક ભાવના, પ્રેમ અને તમારા આદર્શ ગુણો અમે જીવનમાં ભુલી શકીશુ નહીં. તારી હિંમત અને સહનશીલતા વાળુ જીવન અમારા જીવન માટે એક સંદેશ છે.
તમારા જેવા ફુલો ખરે છે અને એની સુવાસ મુકી જાય છે. તમે જ્યાં હો ત્યાં તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના......

### અર્પણકર્તા

*શ્રી બાલુભાઈ ઝીણાભાઈ પંચોલી*
*શ્રી શૈલેષ બાલુભાઈ પંચોલી*
*શ્રીમતિ મનિષા શૈલેષ પંચોલી*

*આયવંત ડી'કોષ્ટા પ્રીતિ ડી'કોષ્ટા*
*ચિ. મેઈસી*

15 Locke Avenue, Leicester, LE4 - 7RZ (U.K.)
Tel : 0116 - 2681475

## નવયુગ શુભેચ્છક

### દ્વિતીય પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. પુષ્પાબેન અમૃતલાલ મિસ્ત્રી**
**જન્મ : ૦૬.૧૨.૧૯૪૭ સ્વર્ગવાસ : ૧૮.૦૨.૨૦૧૬**

દિવસો વિતતા ચાલ્યા.... મહિનાઓ વિતતા ચાલ્યા...
વરસો પણ વિતતા ચાલ્યા... છતાંય
હૃદય નથી માનતું તમારી જુદાઈ,
આંખો નથી માનતી તમારી વિદાય..
હૃદયના એક ખૂણામાં આશા છે બાકી... કે
ક્યારેક તો તમો આવશો.. ક્યારેક તો તમો મળશો..
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ
પ્રાર્થના સહ શ્રદ્ધાંજલી

### અર્પણકર્તા

શ્રી અમૃતલાલ ઈચ્છારામ મિસ્ત્રી
શ્રી નૈનેશ અમૃતલાલ મિસ્ત્રી
શ્રીમતિ પરેશા નૈનેશ મિસ્ત્રી
ચિ. ઉદય - ચિ. જીત

શ્રી કમલેશ અમૃતલાલ મિસ્ત્રી
શ્રીમતિ કેતકી કમલેશભાઈ મિસ્ત્રી
ચિ. ભાવિકા - ચિ. યશ

શ્રી સુભાષભાઈ રમણલાલ પંચોલી
શ્રીમતિ વિપુલા સુભાષકુમાર પંચોલી
ચિ. ધવલ - ચિ. વિજલ

53/C/3, તપોવન, નાગરી મિવારા પરિષદ નં. ૨,
ગોરેગાંવ (ઈસ્ટ) મુંબઈ ૪૦૦ ૦૬૫
ફોન : (ઘર) ૦૨૨-૨૮૪૧૩૯૬૩
મો. ૯૮૧૯૩ ૬૯૩૨૩ / ૯૭૬૯૯૫૮૦૪૧

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

## પંચોલી નવયુગ

માર્ચ-૨૦૧૮

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઑટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રી નોંધ......



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો.

ફાગણ આવ્યો સાથે હોળી ધુળેટીના તહેવારો પણ લાવ્યો. ભારતીય પ્રજા ઉત્સવ પ્રિય છે.. અને આ ઉત્સવો જ માનવીની આનંદની પળોમાં દુઃખને ભુલાવી દે છે... અને દરેક તહેવારો પાછળ નો ઉદ્દેશ્ય આસુરી શકિત પર વિજય મેળવવાના હોય છે. તો ચાલો આપણે પણ આ હોળીમાં આપણામાં રહેલ આસુરી તત્વોને હોમી દઇએ અને ધુળેટીના રંગોમાં રંગાઇ જઇએ...

આ તહેવાર સાથે વિદ્યાર્થીઓનો પણ તહેવાર આવી રહ્યો છે....'પરિક્ષા' SSC અને HSC તથા દરેક વર્ગોની પરીક્ષાઓ આવી રહી છે અને આ બોર્ડની પરીક્ષા તમારા જીવન ઇમારતનો પાયો છે... એ પરથી તમારે ભણતરની અને ગણતરની લાઇનો નકકી કરી કેવી ઇમારતો બાંધવી એ અવસર છે... આ પરીક્ષા પછી તમારે તમારી લાઇન નકકી કરવાની છે... તો વિદ્યાર્થી મિત્રો આ પરીક્ષાનું વધારે મહત્વ સમજી આગળ વધશો તો જરૂર સફળતાની સુંદર ઇમારતમાં તમે રાચતા હશો.... અને સ્વામિ વિવેકાનંદનું એક વાકય છે...'સિદ્ધિ તેને જ વરે જે પરસેવે નહાય' આપણે પણ વધુ ને વધુ મહેનત કરીએ અને સફળતાની સિદ્ધિઓ પ્રાપ્ત કરીએ એજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ...

પરીક્ષા પછી વેકેશન આવશે... તો વેકેશનમાં મનગમતા વિષયો પર લેખો - કાવ્યો - વાર્તાઓ રચી પંચોલી નવયુગને મોકલાવશો તો નવયુગમાં પ્રકાશિત કરી શકાય. જ્ઞાતિના બીજા પણ લેખકો - કવિઓને નમ્ર વિનંતિ કે તમારી કૃતિઓ પણ મોકલશો આથી અનુકુળતાએ પ્રકાશિત કરી શકાય.....

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલય દિનેશભાઇ મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ......

હેમંતભાઇ સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો.

વર્ષ ૨૦૧૮નું બજેટ આવ્યું, તેની અસરો ધીરે ધીરે ખબર પડશે ! આપણે તો આપણા રસ્તે આગળ વધવું જ રહ્યું. હાલમાં અમારું ધ્યાન સમાજના રોકાણો વ્યવસ્થિત કરી ભૂતકાળમાં મળતુ હતું એટલું વ્યાજ તો મળે જ એવા પ્રયાસોમાં છે. સાથે સાથે એક કડવું સત્ય પણ આપણે સ્વીકારવું જ રહ્યું. જો આપણે વધુ મુડી ઉભી નહીં કરીએ તો દિન-પ્રતિદિન ઘટતા વ્યાજ આપણે જે મદદો જ્ઞાતિજનોને આપી રહ્યા છીએ તે ઘટાડવા મજબુર કરશે..

મારી સમાજના સક્ષમ વર્ગ કે જે પૈસે ટકે સુખી છે તેઓને વર્ષ દરમ્યાન જે યોગ્ય લાગે તે રકમ મહામંડળને ડોનેશન રૂપે આપવા આગ્રહ ભરી વિનંતી છે. ખાસ કરીને વિધવા-નિરાધાર સહાયમાં ફંડ ખૂબ જ ઓછુ છે. આપણાં સમાજના આ નબળાં વર્ગને સહાયરૂપ થવા ખાસ વિનંતી છે. આપના તરફથી જે મદદ મળશે તે અમો મહામંડળના ફંડમાં લઇ તેનું વ્યાજ વપરાય એ રીતે આયોજન કરવા માંગીએ છીએ. આપની નાનામાં નાની મદદ અમારે માટે કિમંતી છે.

આપનાં ઘરે આવતા શુભ પ્રસંગે સમાજના આપણાં ભાઇ-બહેનોને યાદ કરી કે સ્વજનોની યાદમાં પણ આપનું દાન સ્વીકાર્ય છે.

સુરતના પંચોલી મિત્રમંડળને વાત કરતાં તેઓએ પોઝેટીવ રીસ્પોન્સ સાથે રૂા. ૬,૦૦૦/-નું દાન આપી ખાતું ખોલાવ્યુ છે... હોદ્દેદારોનો ખૂબ ખૂબ આભાર

વડોદરાના માનસી સંજયભાઇ પંચોલીએ એકી સાથે ત્રણ ગોલ્ડ મેડલ મેળવી વડોદરા, પંચોલી સમાજ અને માતા-પિતાનું ગૌરવ વધાર્યુ છે. અભિનંદન...માનસી.

આ વર્ષે સમાજના શ્રેષ્ઠ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીના એવોર્ડ જાહેર કર્યા, નવયુગમાં જાહેર થયેલ પરિણામોને બેઝ રાખીને આ એવોર્ડ અપાયા છે. થોડા દુઃખની વાત છે કે આપણે આપણાં બાળકોના રીઝલ્ટો પણ નવયુગમાં પ્રકાશિત કરવા આપતા નથી માત્ર એક જ વિદ્યાર્થી પોષ્ટ ગ્રેજ્યુએટમાં ? સૌને વિનંતી કે નવયુગ વિનામુલ્યે પરિણામો પ્રકાશિત કરે છે તો આપના બાળકોની પ્રગતિ સૌને જણાવો અને તમારા બાળકોને પ્રોત્સાહિત કરો. એની વે જે વિદ્યાર્થી અને વિદ્યાર્થીની એવોર્ડ વિજેતા બન્યા છે તેઓને હાર્દિક અભિનંદન.

બીજું સ્વ. સી.ટી. સ્મારકનિધિ દ્વારા આયોજીત વેકેશન સ્પર્ધા આ નવયુગમાં આપી છે.. જેમાં સૌ ઉત્સાહભેર ભાગ લેશો એવી આશા રાખું છું.

આપણે સમાજ સુરક્ષાનું પ્રપોઝ બંધારણ કે જે મહામંડળની કારોબારીમાં મંજુર થયુ છે, તે ગયા પંચોલી નવયુગમાં પ્રકાશિત કર્યુ અને હવે તેના આધારે એ.ઓ.પી. રજીસ્ટર કરાવવાની કામગીરી હાથ પર લીધેલ છે. માર્ચ ૨૦૧૯ પહેલા સમાજ સુરક્ષાનું કાર્ય પૂર્ણ કરી દેવાની ગણત્રી છે. સૌના સહકારની અપેક્ષા છે. બીજુ સમાજ સુરક્ષાના પ્રમુખ શ્રી નવિનભાઇ સી. પંચોલી અને મંત્રી શ્રી રાજેશભાઇ ગાંધી, સહમંત્રી કિશોરભાઇ મિસ્ત્રીએ ઘટતી જતી સભ્ય સંખ્યાને ધ્યાનમાં લઇને ............................................

તમારો એક હાથ લંબાવવાથી કોઇને સહારો મળતો હોય તો ભગવાનનો છુટકો જ નથી, તમારા તરફ હાથ લંબાવ્યા વિના

અસ્તુ.....

## PanchaShaadi

નામ : **ખુશ્બુ**
પિતા : દેવેન્દ્રભાઇ અમૃતભાઇ પંચોલી
માતા : સ્મૃતિબેન દેવેન્દ્રભાઇ પંચોલી
અભ્યાસ : Interior Designer
સર્વિસ : Servie (Architect Office)
જન્મ તા. : ૦૭-૦૪-૧૯૯૧
જન્મ સમય : ૩-૩૦ સવારે સ્થળ : અમદાવાદ
ઉંચાઇ : ૫' ૨''
ભાઇ-બહેન : શૈલ-અભ્યાસ-અપરણિત
ડૉ. દિશા - પરણિત
જન્માક્ષર : માને છે.
સરનામું : ૭, શંકરમહેલ, ૧લે માળે, સૉફિયા કૉલેજ લેન, બ્રીચકેન્ડી, મુંબઇ-૪
મૉબાઇલ : ૯૮૨૦૦ ૫૦૫૧૭-દેવેન્દ્રભાઇ
૯૯૨૦૧ ૭૭૭૧૫-સ્મૃતિબેન



**ખુશ્બુ દેવેન્દ્રભાઈ અમૃતભાઈ પંચોલી**
Interior Designer



## PanchaShaadi



નામ : નિલેશ
જન્મ તા. : ૨૨-૦૮-૧૯૮૮ સ્થળ : અમરાવતી
જન્મ સમય : ૦૨-૪૫ બપોરે ઉંચાઇ : ૫'૭''
અભ્યાસ : M.Sc. Computer Science
સર્વિસ : Medical Representative(MR) in Amravati
ભાઇ-બહેન : સચીન પંચોલી-B.E.Electric
રાખી પંચોલી-S.Y.B.A.

નામ : રાખી
જન્મ તા. : ૦૧-૦૮-૧૯૯૩ સ્થળ : નવાપુર
જન્મ સમય : ૧૧-૧૫ સવારે ઉંચાઇ : ૫'૩''
અભ્યાસ : S.Y.B.A. Running
સર્વિસ : બ્યુટીપાર્લર-પાર્ટ ટાઇમ
ભાઇ-બહેન : સચીન પંચોલી-B.E.Electric
નિલેશ પંચોલી-M.Sc.Comp.

પિતા : પ્રવિણભાઇ નરભેરામ પંચોલી-૯૪૨૧૫ ૩૩૩૯૧
માતા : છાયાબેન પ્રવિણભાઇ પંચોલી
પૉષ્ટ ઑફિસ પાછળ, નવાપુર-૪૨૫૪૧૮ ડિ. નદુરબાર-મહારાષ્ટ્ર



# હાર્દિક અભિનંદન

ધો.૧૧ સાયન્સમાં અભ્યાસ કરતી **ચિ. પ્રીયા ચિન્તુકુમાર મિસ્ત્રીના 'સુએઝ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ'** નો પ્રોજેક્ટ તાલુકા કક્ષાએ પ્રથમ આવ્યો ત્યારબાદ રાષ્ટ્રીય કક્ષાએ કર્ણાટકમાં પસંદગી પામ્યો જે તેમને સર્ટીફિકેટ અને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા.



## ચિ. પ્રીયા

શ્રી ચિન્તુકુમાર ભગુભાઇ મિસ્ત્રી
મો. ૯૮૨૫૫ ૭૦૯૮૫
ફોન : ૦૨૬૩૪૨૬૨૪૮૨
વૈશાલીબેન ચિન્તુકુમાર મિસ્ત્રી
મો. ૯૭૨૪૩ ૦૩૪૮૨
એલ. આઇ. સી. - વીમા એજન્ટ

## ચિ. રાજ

ધો.૬માં અભ્યાસ કરતા **ચિ. રાજ ચિન્તુકુમાર મિસ્ત્રીએ** સ્કુલમાં યોજાયેલ સ્પોર્ટ ડેમાં **૧૦૦ મીટર દોડ**ની સ્પર્ધામાં પ્રથમ આવી ગોલ્ડ મેડલ મેળવ્યા છે..

બન્ને બાળકોએ ઉપરોક્ત સિદ્ધિ મેળવી ગામનું, શાળાનું, માતા-પિતા અને સમાજનું ગૌરવ વધાર્યુ છે.... અભિનંદન

'હરિપ્રીયા' ૬૩૪, નાની છીપવાડ, ગણદેવી-૩૯૬ ૩૬૦

PanchShaadi



નામ : રૂપલ
પિતા : ભૂપેન્દ્રભાઇ રમણલાલ પંચોલી
માતા : સાધનાબેન
જન્મ તા. : ૧૧-૧૨-૧૯૯૩ જન્મ સ્થળ : તેજગઢ
ઉંચાઇ : ૪'૫''
અભ્યાસ : B.Com.
સર્વિસ : ACC.COM.OPP(Hospitl)
સરનામુ : પંચોલી ફળીયા, લીમડા સામે, ક્વાંટ
મો. : ૯૭૨૩૦૯૨૬૪૯

## શ્રી પંચોલી પ્રગતિ પરિવાર રાજપીપલાના સ્વર્ગસ્થ સભ્યશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. શ્રીમતિ વિદ્યાબેન મનહરભાઈ પંચોલી**
**જ.તા. ૧૩-૦૪-૧૯૨૯ સ્વર્ગવાસ : 30-01-૨01૮**

આપણી પંચોલી જ્ઞાતિના ઉત્કર્ષ માટે તન-મન-ધનથી સમાજને ઉપયોગી થવાની આપની ભલી લાગણી અને પ્રયત્નો ભુલી શકાય તેમ નથી. શ્રી પંચોલી પ્રગતિ પરિવાર રાજપીપલાને આપની ખોટ હરહંમેશા સાલતી રહેશે. ઈશ્વર અમો સર્વે પરિવારના સભ્યોને આપે બતાવેલ પથ ઉપર ચાલવાનું બળ આપે અને પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ બક્ષે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

કિશોરભાઈ આર. પંચોલી ઠાકોરભાઈ વી. પંચોલી
**આદ્યસ્થાપકો**
વિજયભાઈ એમ. મપારા — **મંત્રી**
દિનેશચંદ્ર એસ. પંચોલી — **કન્વીનર**
સદસ્યશ્રીઓ - શ્રી પંચોલી પ્રગતિ પરિવાર રાજપીપલા



**સ્વ. ડો. તેજલબેન પંચોલી**
જન્મ : ૨૬.૪.૨૦૮૩ (હનુમાન જયંતિ)
અક્ષરવાસ. ૩૦.૩.૨૦૧૨ (દુર્ગાષ્ટમી)

## છઠ્ઠી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી

દિવસો વિત્યા, છ - છ વર્ષો પૂર્ણ થયા.
વર્ષો વર્ષ વિતી જાશે, છતાં યાદ તમારી (તેજલ) અકબંધ રહેશે.
બેટા 'તેજલ' તમારો દેહ ભલે અદ્દશ્ય થયો
પણ, તારી યાદ, સ્મૃતિ, નિ:સ્વાર્થ પ્રેમ, સંસ્મરણો
ચિર:કાળ અમારી સાથે જ રહેશે.
તમારા વિના સુનુ, આ ઘર ચહેકતા અવાજથી ધબકતુ રહેતુ
આ ઘર હવે ફકત તમારી યાદલ રહી, રહી ફકત તસ્વીર.
જીવનમાં અમો તમારા વિના એકલા અટૂલા પડી ગયા.
બેટા... તેજલ આપ આત્મા સ્વરૂપે જ્યાં હો ત્યાં પરમ શાંતિ
એવમ્ શાશ્વત સુખ પામો એજ પ્રભુને પ્રાર્થના...
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અને સુખ આપે એજ
અમારા સૌની પ્રાર્થના..

**લિ. અર્પણકર્તા**

શ્રી કનુભાઇ ચંદુલાલ પંચોલી   અ.સૌ. કુસુમબેન કે. પંચોલી
શ્રી બ્રિજેશકુમાર કનુભાઇ પંચોલી   અ.સૌ. હિરલબેન બી. પંચોલી
ચિ. આર્ષ (આશુ) બી. પંચોલી-ચિ. નવ્યા બી. પંચોલી
ચિ. હર્ષિત દક્ષેશકુમાર પંચોલી
સી-૩૦, કમળાપાર્ક સોસાયટી, હરણી-વારસીયા, રીંગરોડ, વડોદરા
મો.નં. : ૯૮૯૮૮ ૨૫૯૦૩

## છઠ્ઠી પૂણ્યતિથિએ હૃદયાંજલી

આટલી નાની વયે તારી મૃત્યુ સાથે દોસ્તી,
અરે પ્રભુ તમે કેમ બનાવી આટલી સસ્તી,
ભુલાશે નહીં તારી કદી પ્રેમાળ હસ્તી,
પછી ભલે પ્રભુ એ કરી હોય તારી સાથે જબરજસ્તી...
હે ! પ્રભુ અમારી તેજલના આત્માને પરમ શાંતિ આપજે
છઠ્ઠી પૂણ્યતિથિએ અમારી હૃદયાંજલી

**અર્પણકર્તા**

વિઠ્ઠલભાઇ છીતાલાલ પંચોલી   શર્મિષ્ઠાબેન વિઠ્ઠલભાઇ પંચોલી
ઘનશ્યામ વિઠ્ઠલભાઇ પંચોલી   અલ્પાબેન ઘનશ્યામભાઇ પંચોલી
દક્ષેશકુમાર વિઠ્ઠલભાઇ પંચોલી   ભાવિકાબેન દક્ષેશકુમાર પંચોલી
ચિ. હર્ષિત દક્ષેશકુમાર પંચોલી
શ્યામકુમાર સી. પંચોલી   ભાવિકાબેન એસ. પંચોલી
ચિ. નિધિ - મલ્હાર - નિધિર્શ

૨૮/૭, G.N.F.C. ટાઉનશીપ,
પો. નર્મદાનગર, ભરૂચ ૩૯૨ ૦૧૫   મો. ૯૮૯૮૭ ૫૪૫૪૦



**સ્વ. અ.સૌ. ડો. તેજલબેન દક્ષેશકુમાર પંચોલી**
જન્મ તા. ૨૬.૪.૧૯૮૩, દેહાવસાન : ૩૦.૩.૨૦૧૨



**શ્રી હસમુખભાઈ ઝીણાભાઈ પંચોલી**
(નિવૃત્ત રેલ્વે કર્મચારી-મુંબઈ-સુરત)

# હેપી બર્થડે......

## શતમ્ જીવો શરદ :


તુમ જીઓ હજારો સાલ હમારી હૈ આરઝુ....હેપી બર્થડે...ટુ...યુ...

**શ્રી હસમુખભાઈ ઝીણાભાઈ પંચોલી**
(નિવૃત્ત રેલ્વે કર્મચારી-મુંબઈ-સુરત)
તા. ૨૭ માર્ચ ૨૦૧૮ના દિને ૮૫માં વર્ષમાં પ્રવેશ કરે છે.
હાર્દિક અભિનંદન

**લિ. સ્નેહાધિન**
કૈલાસબેન હસમુખભાઈ પંચોલી-ધર્મપત્ની
નવિનચંદ્ર વી. પંચોલી-જમાઈ
રંજનબેન નવિનચંધ પંચોલી-દીકરી
તેજ નવિનચંદ્ર પંચોલી-દોહિત્ર
પરિતા રોહનકુમાર શાહ-દોહિત્રી
રોહનકુમાર અશ્વિનભાઈ શાહ-જમાઈ
તથા વ્હાલા વિધાનના પ્રણામ

**રહેઠાણ**
હસમુખભાઈ ઝીણાભાઈ પંચોલી
તળાવફળીયુ, કોટ, વ્યારા. જિ. તાપી-૩૯૪૬૫૦
ફોન : ૦૨૬૨૬ - ૨૨૩૫૭૯

# Happy Birthday to you...



**Shail**

D/5, Shivani Park Raw Houses,
Capt. Laxmi Marg, Anand Mahal Road,
Adajan, Surat-395 009
Mo. : 98985 75025

*31-03-2018*
*15th Birthday of Loving*
**Shail**

*Happy Joyous and cheerful birthday*
*our loving child Shail*
*May god shower his all blessings*
*so as you may*
*have strong, stought and straight*
*brain, body and attitude*

*Yours with love*

*Sanjay-Pappa Nilima - Mammy*
*Jayesh-Fuvaji Nova Foi*
*Bipindada Naynadadi*
*Rutvydidi - Vidheybaba*
*Taraba the grate grand mother*

B/302, Mont Vert Pristine, Off.
Aundh Road, B/h. Khadki Rlw. Station,
Pune : 411020
Mo : 98225 69751 / 98500 62339


સ્વ. વાડીલાલ ચીમનલાલ પંચોલી છોટાઉદેપુર શ્રી નગીનલાલ હિમંતલાલ પંચોલી છોટાઉદેપુર

# ન મુહ છુપાકે જીયો.....

પલ્લવી જે. મિસ્ત્રી
અમદાવાદ



**ન મુખ છુપાકે જીયો.**
શરદ ઓફિસમાં હતો ને એના મોબાઇલ ની રીંગ વાગી. એણે જોયું તો એના ફ્રેન્ડ સુહાસનો ફોન હતો.
-બોલ સુહાસ, આજે આ કામના ટાઇમે કેમ યાદ કર્યો?
-શરદ, બધા કામ છોડીને તરત આરોગ્યધામ હોસ્પિટલ આવી જા.
-શું થયું? કોઇને એક્સીડન્ટ થયો છે?
-ઇશા, ઈશાને હોસ્પીટલમાં દાખલ કરી છે.
-ઈશાને? એને શું થયું છે? શરદ નો જીવ અધ્ધર થઇ ગયો.
-ટેન્શન ન લે, શી ઈઝ ફાઇન. તું આવ એટલે બધી વાત કરું. સુહાસે ફોન કટ કર્યો.
શરદ બધા કામો પડતા મુકીને હોસ્પિટલ પહોચ્યો. સુહાસ લોબીમાં એની રાહ જોતો હતો.
-સુહાસ, પ્લીઝ કહે તો ખરો કે ઈશાને શું થયું છે?
-ઇશા મોબાઇલ પર વાત કરતી હતી, તે વખતે ઘરના દાદર પરથી પડી ગઇ. એ તો સારું થયું કે કામવાળી ચમ્પા હાજર હતી, એ અમને બોલાવવા આવી અને હું અને સુષ્મા એને અહી લઇ આવ્યા એટલે તરત સારવાર મળી ગઇ.-'થેક્સ દોસ્ત.' શરદે કહ્યું. સુહાસ શરદને ઈશા જે રૂમમાં હતી ત્યાં લઇ ગયો. શરદે જઇને ઇશાને માથે હાથ મુક્યો અને પછી એની પાસે બેસીને એનો હાથ પસવારવા માંડ્યો. ઈશાએ એની તરફ જોયું અને મ્લાન હાસ્ય કર્યું પછી પીડાથી ઉંહકારો કર્યો અને આંખો બંધ કરી, એની આંખોમાંથી આંસુ વહી નીકળ્યા. શરદે ઈશાના આંસુ લૂછ્યા.
-ડોકટર સાહેબે મળવા બોલાવ્યા છે, સુષ્માએ ધીરે રહીને શરદને કહ્યું. શરદ ઉઠ્યો એટલે સુહાસ પણ એની સાથે જવા ઉભો થયો. બંને ડોકટરની કેબીનમાં ગયા. શરદે ઈશાના પતિ તરીકેની પોતાની ઓળખાણ આપી અને ઇશા વિશે પૂછ્યું એટલે ડોકટરે કહ્યું,
-ઈશાને મિસકેરેજ થયું છે, અને પ્રોબ્લેમ એ છે કે એ હવે પછી એ ક્યારેય મા બની શકશે નહિ. આ સાંભળીને શરદને માથે જાણે આભ તૂટી પડ્યું, એ હતાશ થઇ ગયો, એને થયું કે પોતે આ સમાચાર ઈશાને કઇ રીતે આપશે? સાંભળીને ઇશા પર એની શું અસર થશે? ડોકટરે અને સુહાસે એને હિમ્મત આપી. શરદ રૂમમાં આવ્યો એટલે ઈશાએ માંડ ખાળી રાખેલા આંસુ ફરી વહી નીકળ્યા.
-શરદ, મારા પપ્પા.... ઇશાએ રડતા રડતા વાત કરી, હિબકાને લીધે એ વધુ બોલી ન શકી.
-શું થયું તારા પપ્પાને?
-પપ્પા ઈઝ નો મોર નાવ..
-ઓહ ગોડ ! શું થયું હતું એમને? શરદે સહાનુભૂતિથી પૂછ્યું.
-એમણે આત્મહત્યા કરી.
-વ્હોટ? ક્યારે? શાના માટે? શરદ અધીરાઇથી પૂછી બેઠો.
-શેરબજારમાં એમને ભારે ખોટ ગઇ હતી, એટલે લેણદારોથી બચવા એમણે ગઇ કાલે જ આત્મહત્યા કરી.
-તને કઇ રીતે ખબર પડી?
-મારી ખાસ ફ્રેન્ડ હેમા નો ફોન આવ્યો એટલે મને જાણ થઇ. ખરેખર તો હું એ સમાચાર સાંભળીને બેધ્યાન થઇ ગઈ અને દાદર પરથી પડી ગઈ. શરદ, મારા લીધે જ આ બધું બન્યું છે, ભગવાન મને કદી માફ નહિ કરે. ઇશા ધ્રુસકે ધ્રુસકે રડી પડી.
-ઇશા, અફસોસ ન કર. જે કઇ બનવા ધાર્યું હોય એ જ બને છે, આમાં તારો કોઇ વાંક નથી.
શરદે ભલે કહ્યું કે 'આમાં તારો કોઇ વાંક નથી' પણ ઇશા સારી રીતે જાણતી હતી કે આમાં એનો પોતાનો કેટલો વાંક છે. એને યાદ આવી ગયો પોતે ભાગીને લગ્ન કર્યા હતા એ દિવસ. ઇશાએ પોતે શરદના પ્રેમમાં છે એ વાત મમ્મી પપ્પાથી છુપાવી હતી, કારણકે એ જાણતી હતી કે આ લગ્નને મમ્મી પપ્પા કદી મંજુરી નહિ આપે. અને એનું કારણ પણ સ્પષ્ટ હતું, શરદ પરિણીત હતો, એટલું જ નહિ એ એક બાળકીનો પિતા પણ હતો. એ વાત જુદી હતી કે એને એની પત્ની સાથે ફાવતું નહોતું એટલે બંને જુદા રહેતા હતા, બાળકી એની પત્ની પાસે હતી. છૂટાછેડા ની અરજી કરી હતી પણ છૂટાછેડા હજી મળ્યા નહોતા.
પણ એક દિવસ ખબર નહિ ક્યાંકથી મમ્મી પપ્પાને આ વાતની ખબર પડી જ ગઇ. એમણે ઓળખીતા મારફત શરદની જાણકારી મેળવી, પછી તો ઘરમાં મહાભારત સર્જાઇ ગયું. 'તારી અક્કલ બહેર મારી ગઇ છે કે તેં આને પસંદ કર્યો?' 'આના સિવાય તને બીજો કોઇ મળ્યો નહિ?'

'તને આવા સાથે પરણાવવા કરતા તો કુવામાં ધકેલી દેવી સારી.' વગેરે વગેરે... પહેલા ઝઘડા, પછી ધમકી અને પછી સમજાવટ. શરુ શરૂમાં ઈશાએ બહુ દલીલો કરી, પછી એ ચુપ થઇ ગઈ. થોડા જ દિવસોમાં એને માટે મમ્મી પપ્પાએ એને માટે છોકરો શોધવાનું શરુ કરી દીધું. ત્રણ ચાર છોકરાઓની માહિતી મેળવ્યા પછી એક દિવસ છોકરાની મુલાકાત પણ ગોઠવાઈ ગઈ.

અત્યાર સુધી ચુપ રહેલી ઈશાને લાગ્યું કે હવે પાણી માથાથી ઉપર જતા રહ્યા છે, કઇ કરવું જોઇએ. એણે શરદને વાત કરી, શરદે બધી વ્યવસ્થા ગોઠવી દીધી. અને જે દિવસે ઇશાની અક્ષય સાથે મુલાકાત હતી એ જ દિવસે ઇશા પોતાનો પાસપોર્ટ અને ક્રેડીટ કાર્ડ લઇને ભાગી ગઇ. એ દિવસે ઘરમાં શું થયું હશે? મમ્મી પપ્પા વચ્ચે કેવો સંવાદ થયો હશે? જે ચિત્ર ઇશાની કલ્પનામા બરાબર બેસતું હતું એ નીચે મુજબ જ ભજવાયું હતું :

-બીરેન, સાંજે ઘરે આવે ત્યારે 'ગોકુલ ચવાણા એન્ડ સ્વીટ' માંથી સમોસા- પાતરા અને ગુલાબજાંબુ લાવવાનું ભૂલતો નહિ. અને ૬ વાગ્યા સુધીમાં ઘરે આવી જજે. રીમાએ બીરેનની ઓફિસમાં ફોન કરીને સૂચના આપી.

-ઓકે મેડમ, આપકા હુકમ સર આંખો પર. બીરેને એની હંમેશની મજાકિયા શૈલીમાં કહ્યું અને ઉમેર્યું–

-રીમા, ઈશાને પણ ટાઈમસર ઘરે આવવાનું કહી દેજે. અને એકવાર સુરેખાબેનને ફોન કરીને જાણી લેજે કે એ લોકો અક્ષયને લઈને કેટલા વાગ્યે આવવાના છે. હું સનતભાઈને આપણું એડ્રેસ SMS કરી દઉં છું.

-જો હુકમ મેરે આકા. રીમાએ પણ વળતી રમુજ કરતા કહ્યું.

બીરેન અને રીમાની એક ની એક દીકરી ઇશા ને જોવા આજે સુરેખાબેન અને સનતભાઇ પોતાના દીકરા અક્ષય સાથે આવવાના હતા. એન્જીનીયર બનીને ઇશા બે મહિના પહેલા જ એક કંપનીમાં જોબમાં જોડાઇ હતી. જ્યારે અક્ષય ડોક્ટર હતો અને બે વર્ષથી એક હોસ્પીટલમાં પ્રેક્ટીસ કરતો હતો. છોકરા – છોકરીના બાયો ડેટા એક્સચેન્જ કર્યા હતા અને બંને પાર્ટીને સામી પાર્ટી પસંદ આવી હતી. એકવાર છોકરા છોકરી મળીને એકબીજાને પસંદ કરી લે એટલે વાત આગળ ચાલે એમ વિચારી આજે મુલાકાત ગોઠવી હતી.

-બધું સમું સુતરું પાર ઉતારજે મા, વાત પાકી થઇ જાય તો અંબાજી દર્શન કરવા આવીશ. મનમાં ને મનમાં માનતા માનીને રીમાએ દીકરીના ઉજ્જવળ સાંસારિક ભવિષ્ય માટે ઘરના મંદિરમાં દીવો કર્યો.

-અમારા આગ્રહથી ઇશા પરાણે છોકરો જોવા તો તૈયાર થઇ છે પણ... રીમાને અમંગળ વિચારો આવી રહ્યા હતા. એણે જાપ કર્યા, માળા કરી, મન થોડું સ્થિર થયું એટલે સુરેખાબેનને ફોન કરીને એમના આવવાનો સમય જાણી લીધો. પછી ઈશાને ફોન કરી સમયસર ઘરે આવી જવાનું કહ્યું.

-મમ્મી, હું કામમાં બીઝી છું, હું સમયસર ઘરે આવી જઈશ, પણ હવે ફોન કરી મને ડીસ્ટર્બ કરીશ નહિ. ઈશાએ કહ્યું.

-ડીસ્ટર્બ તો તેં અમને કરી નાખ્યા છે, રીમાના હોઠ સુધી શબ્દો આવી ગયા, પણ એણે સંયમ રાખીને ફક્ત 'ઓકે' કહ્યું.

એણે મહેમાનોની આગતા સ્વાગતાની તૈયારી અને ઘરની વ્યવસ્થા મા મન પરોવ્યું. બરાબર છ ના ટકોરે બીરેન રીમાએ મંગાવેલ ચીજ વસ્તુઓ સાથે ઘરમાં દાખલ થયો.

-ઇશા આવી ગઈ છે? એને પેકેટ્સ ડાઈનીગ ટેબલ પર મુકતા પૂછ્યું.

-ના, હજી નથી આવી.

-ઠીક છે, તું એને ફોન કરીને કન્ફર્મ કર, હું જરા ફ્રેશ થઈને આવું છું.

રીમાએ ઈશાને ફોન કર્યો તો એનો મોબાઈલ 'સ્વીચ ઓફ' આવતો હતો. એણે ઓફિસમાં ફોન કર્યો તો જાણવા મળ્યું કે ઇશા તો આજે ઓફીસ આવી જ નથી. રીમાને આ સાંભળીને ધ્રાસકો પડ્યો. બીરેને જ્યારે આ વાત જાણી ત્યારે એને પણ શંકા થઇ અને એના પગ તળેથી જમીન સરકી જતી લાગી.

-રીમા, જલ્દી કર. એની રૂમ તપાસીએ. એની બેગ, કબાટ, કપડાં એનું લેપટોપ..

બંને ઇશાની રૂમ તરફ દોડ્યા. જોયું તો કપડાં, લેપટોપ, બેગ બધું જ્યાં હતું ત્યાં જ વ્યવસ્થિત હતું. બંનેને હાશ થઇ અને જીવ હેઠો બેઠો. 'ચાલો, છોકરી ઘર છોડીને તો નથી જતી રહી' બંને ફરી ડ્રોઇંગ રૂમમાં આવીને ઇશાની આવવાની રાહ જોઈ રહ્યા.

ઘડીયાળના કાંટા ઝડપથી આગળ વધતા રહ્યા, છોકરાવાળા આવી ગયા,'ઈશાને આવતા જરા મોડું થશે' નું બહાનું અપાઈ ગયું. આગતા સ્વાગતા માં નાસ્તો –મીઠાઇ અને છેલ્લે આઇસ્ક્રીમ પણ આવી ગયું. પણ

જેની રાહ જોવાઈ રહી હતી તે ઇશા ન આવી.
-હવે અમે જઈએ. હવે તમે ઈશાને લઈને ઘરે આવજો. બહુ રાહ જોઇને અંતે છોકરાવાળા જતા રહ્યા.
બીરેન અને રીમાએ ઈશાની તમામ ફ્રેન્ડસ ના ઘરે ફોન કર્યા, સગા વહાલાઓને ત્યાં પણ ફોન કર્યા. ઇશા ક્યાંય નહોતી. બંને માથે હાથ દઈને બેસી પડ્યા, 'નક્કી, છોકરી ભાગી જ ગઈ લાગે છે.' રાત્રે દસ વાગ્યે કોક પબ્લિક બુથમાંથી ઇશાનો ફોન આવ્યો.
-હલ્લો, મમ્મી – પપ્પા, ઇશા બોલું છું.
-ક્યા છે તું? ક્યારના તારી રાહ જોઈ રહ્યા છે, છોકરાવાળા આવીને જતા પણ રહ્યા. રીમાએ આક્રોશથી કહ્યું.
-મમ્મી-પપ્પા, મેં લગ્ન કરી લીધા છે, તમારા આશીર્વાદ લેવા માટે ફોન કર્યો છે. ઇશાનો ધ્રુજતો અવાજ સંભળાયો.
બીરેન અને રીમા એકાદ બે સેકંડ માટે ધ્રુજી ગયા, જાણે પગ પાસે એટમબોમ્બ ફૂટ્યો.
-મમ્મી..પપ્પા..સાંભળો છો? ઇશા બોલી.
-સાભળું છું, હવે તું સાંભળ છોકરી. આજથી તું અમારા માટે મરી પરવારી છે, અને અમે પણ તારા માટે મરી ચુક્યા છે, સમજી? આજ પછી ફરી ક્યારેય ફોન કરીશ નહિ કે અમને તારું કાળું મોં બતાવીશ નહિ.
બીરેને ગુસ્સાથી કહ્યું અને પછી રીસીવર ક્રેડલ પર પછાડ્યું અને એ પોતે પણ સોફામાં પછડાઇ પડ્યો, એની છાતીમાં મુઝારો થઇ આવ્યો. રીમા ધ્રુસકે ધ્રુસકે રડી પડી અને બોલી, 'આ છોકરીને આ તે શું સુઝ્યું?'
-ઇશા, ચાલ, ડોકટરે રજા આપી દીધી છે. શરદે કહ્યું અને ઇશાની વિચારધારા તૂટી. એ ભુતકાળ માથી વર્તમાનમાં પાછી ફરી. શરદનો ટેકો લઇને ધીરે ધીરે ચાલીને ટેક્ષી સુધી પહોચીને ઘરે આવી ગઈ. શરદે એને પ્રેમથી પલંગ પર સુવડાવી અને રજાઈ ઓઢાડી.
-હવે પાંચ દિવસ કમ્પ્લીટ બેડ રેસ્ટ લેવાનો છે. સમજી?
એ મ્લાન હસી, ઈશાનું શરીર તો આરામથી બેડ પર પડ્યું હતું પણ એના મનને આરામ નહોતા. પપ્પાની આત્મહત્યા ના સમાચારે એને હચમચાવી દીધી હતી. એકલી પડી ગયેલી મમ્મી હવે શું કરશે? આટલા સમયમાં એને મમ્મી પપ્પા વિશે જે કઈ સાંભળવા મળ્યું હતું, તેના આધારે એણે આખું પિક્ચર એના મનમાં ઉપસી રહ્યું હતું.

(રસપ્રદ વાર્તા આવતા અંકે........રાહ જુઓ)


## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.
02690100010065 IFC
Code BARBO VYARAX
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** A/C **પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

## હેપી બર્થડે.....



**ચિ. સ્મિત પૂર્વેશકુમાર પંચોલી**
**જન્મ તા. ૧૯-૦૩-૨૦૦૪**
**અભિનંદન... અભિનંદન... જન્મ દિવસના અભિનંદન**
ઉમંગલાલ રણછોડદાસ પંચોલી
સ્વ. હંસાબેન ઉમંગભાઇ પંચોલી
યોગેશકુમાર યુ. પંચોલી-૯૯૦૪૧ ૨૨૨૩૨
અર્ચનાબેન વાય પંચોલી
કુ. આસ્થા વાય. પંચોલી
પૂર્વેશ યુ. પંચોલી-૯૯૨૪૪ ૧૯૩૦૪
વૈકુંઠ-૧, બાપોદ જકાતનાકા પાસે, વાઘોડિયારોડ, વડોદરા

# આપણું ગૌરવ



વડોદરા નિવાસી કમળાબેન ચંપકલાલ પંચોલીના પૌત્રી કુ. માનસી સંજયકુમાર પંચોલી ને B.E.Eletrical એન્જીનીયરીંગમાં એમ.એસ. યુનિવર્સીટીના ૬૬માં પદવીદાન સમારંભમાં ચાન્સેલર અને રાજમાતા શુભાંગીની દેવીના વરદ હસ્તે 1st : M.S.University Vadodra- Gold Medal
2ND : Elemex Gold Medal
3rd : Mr. John F. Ruesel Ju. of Bradenton, Florida USA. Gold Medal
ત્રણ ગોલ્ડ મેડલ એનાયત કરી તેનું સન્માન કરવામાં આવ્યું.
ઉપરોક્ત સિદ્ધિઓથી સમગ્ર પંચોલી સમાજનું તથા તેમના પરિવારજનોનું અને વડોદરા એકમનું ગૌરવ વધાર્યુ છે.. સમગ્ર પંચોલી સમાજ અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે કે એમની પ્રગતિને આભ પણ ઓછું પડે...



વડોદરા નિવાસી શ્રીમતિ મોનિકાબેન તથા શ્રી હિતેશભાઇ કિશનભાઇ પંચોલીની બન્ને પુત્રીઓએ નીચે મુજબની સિદ્ધિઓ હાંસલ કરી છે..
કુ. જેન્વી હિતેશભાઇ પંચોલીએ તાંજોર ભારત નાટયમ્‌ના ગુરૂ શ્રી રમેશ કુબેરનાથ તાજોરકર અને તેમના પુત્ર આશિષ તાંજોરકરના નેતૃત્વ હેઠળ થાઇલેન્ડમાં લોપબુરી- સપાનબુરી અને નાકોણપેથોનમાં સાંસ્કૃતિક ભારત નાટયમ્‌ની પ્રસ્તુતી કરી જેમાં ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ અને બોન્ઝ મેડલ તથા સિલ્વર ટ્રોફી પ્રાપ્ત કરી હતી.




કુ. પ્રાપ્તિ હિતેશભાઇ પંચોલીએ ઇન્ટરનેશનલ શોટોકાન કરાટે ડો. એકેડમીમાં શ્રી બિપુલ સોલંકી દ્વારા તાલિમ પ્રાપ્ત કરેલ છે. કુ. પ્રાપ્તીએ ૨૪ ડિસેમ્બર-૨૦૧૭ના રોજ ઇન્ટરનેશનલ શોટોકાન કરાટે ડો. એકેડમીમાં ભાગ લઇ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે.
બન્ને બહેનોએ વિશિષ્ટ સિદ્ધિઓ દ્વારા ગુરૂ, માતા-પિતા, પંચોલી સમાજ વડોદરા અને સમગ્ર પંચોલી સમાજનું નામ રોશન કર્યુ છે... અભિનંદન




અંકલેશ્વર નિવાસી મિમેશકુમાર છગનલાલ મિસ્ત્રીના સુપુત્ર ચિ. જીતે અખિલ ભાતીય વિદ્યાર્થી પરિષદમાં યોજાયેલ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે વકૃત્વ સ્પર્ધામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરી છે. જેને સર્ટીફિકેટથી સન્માન્યા છે..
વિશિષ્ટ સિદ્ધિઓ દ્વારા ગુરૂ, માતા-પિતા, પંચોલી સમાજ અંકલેશ્વર અને સમગ્ર પંચોલી સમાજનું નામ રોશન કર્યુ છે... અભિનંદન

# કુળ ઈકોતેર તાર્યા રે..



ઝઘડીયા તાલુકાના ઉમલ્લા ગામના નવયુવાન શ્રી ચિરાગભાઇ દિનેશચંદ્ર પંચોલીએ તાજેતરમાં તા. ૨૫ જાન્યુઆરીના રોજ ગોંડલ ખાતે મહંત સ્વામી મહારાજ ના વરદ હસ્તે પાર્ષદ દીક્ષા ગ્રહણ કરી છે.

ઉમલ્લાના જુના ફળીયામાં રહેતા ચિરાગભાઇ પહેલેથી જ ધાર્મિક વૃત્તિ ધરાવતા હતાં. સમય જતા યુવાન વયે માતાનું છત્ર ગુમાવનાર ચિરાગભાઇ સ્વામિનારાયણ સંતોના સત્સંગમાં આવતા સંપ્રદાયમાં તેમની આસ્થા વધવા માંડી.

ગામના યુવાનોને સ્વામિનારાયણ વિશે સાથ આપવાનું કાર્ય શરૂ કરેલું. આજના આધુનિક યુગમાં યુવાનો જ્યારે ભોગલીલાના રવાડે ચડી જાય છે ત્યારે એમણે આત્માના કલ્યાણનો માર્ગ પસંદ કર્યો હતો. પોતાની માતાની અંતિમવિધિ તેમજ લૌકીક વહેવાર પતાવીને સંસારમાંથી પરમાર્થ તરફ પ્રયાણ કરી પાર્ષદ દીક્ષા ગ્રહણ કર્યા બાદ BAPS સ્વામિનારાયણ સંપ્રદાયમાં એકલવ્ય ભગત નામ ધારણ કર્યુ છે.

ચિરાગભાઇએ સંસારમાંથી પરમાર્થની કેડી પર ડગ માંડી એમનું કુળને, માતા પિતાને, પંચોલી સમાજને અજવાળ્યું છે.....જાણે કુળ ઈકોતેર તાર્યા રે....




વર્ષ દરમ્યાન કરેલ મહેનતને
ફળીભૂત કરવાનો અવસર એટલે પરીક્ષા...
શૈક્ષણિક જીવનમાં એક ડગલું
આગળ વધવાનો આધાર એટલે પરીક્ષા
શિક્ષણ રૂપી બગીચામાં ઉગેલ
કાંટાળુ ફુલ એટલે પરીક્ષા

બસ તો એ બગીચામાં ઉગેલ ફુલની સુંદરતાને જાણો. મહેંકને માણો અને સુંદર પરિણામ મેળવી કુટુંબ તેમજ સમાજનું નામ રોશન કરો તેવી ધો. ૧૦ અને ધો. ૧૨ની બોર્ડની પરીક્ષા તેમજ શાળા કોલેજની વાર્ષિક પરીક્ષામાં ઉપસ્થિત થનાર દરેક વિદ્યાર્થીઓને સ્વ. સી. ટી. સ્મારક નિધિ તરફથી હાર્દિક શુભેચ્છાઓ.....

ધવલકુમાર જે. પંચોલી-અધ્યક્ષ
દક્ષયભાઇ પી. ગજ્જર-મંત્રી
સ્વ. સી. ટી. સ્કમારક નિધિ

## સ્વર્ણિમ ફંડ

સુરત નિવાસી દિપકકુમાર સન્મુખલાલ ગાંધી તરફથી સ્વર્ણિમ ફંડમાં રૂા. ૫,૦૦૦/- વર્ષ ૨૦૧૭-૨૦૧૮ના વર્ષના મળ્યા છે....
દાતાશ્રીનો આભાર.....

# સ્વ. સી. ટી. સ્મારક નિધિ
## આયોજીત
# વેકેશન સ્પર્ધા

પરીક્ષાઓ પુરી થતાં બાળકોને વેકેશનનો લાભ મળશે સાથે સાથે માતા-પિતા પણ વેકેશનનો લાભ માણી શકશે એ આશયથી સ્વ. સી. ટી. સ્મારક નિધિ સૌના માટે વિવિધ સ્પર્ધા લઈને આવ્યું છે. સૌ મોટી સંખ્યામાં ભાગ લેશો એવી આશા રાખું છું.

## સ્પર્ધાઓ

**૧ કાવ્ય – ગઝલ – બાળગીત**
**૨ ટુંકી વાર્તા**
**૩ જોકસ (૫ થી ૧૦ જે સાંભળ્યા ના હોય એવા)**
**૪ મનપસંદ ચીત્ર (કોઈપણ વિષયમાં ) કલર સાથે**
**૫ નિબંધ સ્પર્ધા (૧) આજના યુવાનો અને સમાજ**
**(૨) મોબાઈલ ના ગેરલાભો**

ઉપરોકત પાંચ સ્પર્ધામાં બે વિભાગ રાખવામાં આવ્યા છે.
**(A)** ૧૫ વર્ષથી નીચેના **(B)** ૧૬ વર્ષથી ઉપરના કોઈપણ સ્પર્ધકો ભાગ લઈ શકશે.
દરેક વિભાગમાં ઈનામ : પ્રથમ : રૂા. ૩૦૧/-, દ્વિતીય રૂા. ૨૦૧/- અને તૃતિય રૂા. ૧૦૧/-
**આપની એન્ટ્રી તા. ૩૧-૦૫-૨૦૧૮ સુધીમાં નીચેના સરનામે મોકલવી**

સી. ટી. મિસ્ત્રી સ્મારકનિધિ-અધ્યક્ષ
**શ્રી ધવલકુમાર જયંતિલાલ પંચોલી**
૩૦૩, યોગીપાર્ક, બિલ્ડીંગ-૮, સ્વામિનારાયણ મંદિર પાસે,
અડાજણ, સુરત ૩૮૫ ૦૦૯
મો. ૯૮૨૪૭ ૦૧૨૩૭

સી. ટી. મિસ્ત્રી સ્મારકનિધિ-મંત્રી
**શ્રી દક્ષય પી. ગજ્જર**
૧૫, ભવન્સ રેસીડન્સી, SMC આર્ટ સેન્ટરની બાજુમાં
IOC પેટ્રોલ પંપ સામે એલ.પી.સવાની રોડ,
**અડાજણ, સુરત** 395009 M:-9824137878

# અનુકરણિય



સુરત નિવાસી શ્રીમતિ ભારતીબેન અને શ્રી હેમંતભાઈ છગનલાલ મિસ્ત્રીની સુપુત્રી ચિ. શ્વેતાના શુભ લગ્ન પ્રસંગ નિમિત્તે શ્રી પંચોલી નવયુને રૂા. ૧૧,૦૦૦/- ભેટ આપ્યા છે....
નવદંપતિના જીવનમાં પરિણયની વસંત ખીલતી રહે એવી હાર્દિક શુભેચ્છાઓ...
સહ દાતાશ્રીઓના અમો અંતઃકરણ પૂર્વક આભારી છીએ..

**અમો આભરી છીએ...**

હેમંતભાઈ સી. મિસ્ત્રી-પ્રમુખ
નિશિકાંત બી. મિસ્ત્રી-માનદમંત્રી
દિનેશભાઈ એમ. મિસ્ત્રી-નવયુગ તંત્રી
મલયભાઈ ડી. મિસ્ત્રી-નવયુગ સહતંત્રી

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# સંસ્થા સમાચાર

### વ્યારા પંચોલી સમાજ દ્વારા

## પંચોલી પ્રિમીયર લીગ-૨૦૧૮








વ્યારા પંચોલી સમાજ દ્વારા તા. ૧૨-૦૨-૨૦૧૮ને રવિવારના રોજ પંચોલી પ્રિમીયર લીગ-૨૦૧૮ ક્રિકેટ મહોત્સવનું આયોજન યોજવામાં આવી હતી. જેમાં આયોજક રૂપે સ્વર યુથ, પ્રગતિ મહિલા મંડળ તેમજ રમત ગમત સમિતિ અધ્યક્ષ અને શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

આયોજનની શુભ શરૂઆત TDCA ના ગ્રાઉન્ડ પર સવારે ચા-નાસ્તાની મજા સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ગ્રાઉન્ડ સંચાલક તથા ગુજરાતના રણજીત ટ્રોફી પ્લેયરનું સ્વાગત હિતેશભાઇ ગાંધી તથા નવિનભાઇ પંચોલી દ્વારા કરવામાં આવ્યું...

પ્રથમ મેચ મહિલા મંડળ અને પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારાના કારોબારીના સભ્યો સાથે મળી રમાય હતી. બીજી મેચ સમાજના યુવા ખેલાડીઓ વચ્ચે મેચ રમવામાં આવી હતી. સમગ્ર મેચ દરમ્યાન તમામ ઉપસ્થિત જ્ઞાતિજનો માટે એનર્જી ડ્રીંકસ સમાજના પ્રમુખશ્રી હિતેશભાઇ ગાંધી તરફથી આપવામાં આવ્યું હતું.

## પંચોલી સમાજ વડોદરા

૨૫૦/- વડોદરા નિવાસી સ્વ. જડાવબેન રમણલાલ પંચોલીના સ્મરણાર્થે રમણલાલ પિતામ્બરદાસ પંચોલી પરિવારજનો તરફથી મળ્યા.

૨૫૧/- વડોદરા નિવાસી દિનેશભાઇ નટવરલાલ પંચોલી તરફથી ૬૧માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે ભેટ મળ્યા..

૩૫૧/- વડોદરા નિવાસી શ્રીમતિ જ્યોતિબેન શશીકાંતભાઇ પંચોલી તરફથી પૌઈત્ર વિહાનની મુંડનવિધિ તેમજ બીજી વર્ષ ગાંઠ નિમિત્તે ભેટ મળ્યા.

દાતાઓનો ખૂબ ખૂબ આભાર.

## ભાવ-પ્રતિભાવ

કુશળ ——— હશો...

ફેબ્રુઆરી-૨૦૧૮ 'પંચોલી નવયુગ' નવી ઉર્જા-ઉત્સાહનો સંચાર લઈ આવ્યું. વાહ! ક્યા બાત હૈ.

સૌ પ્રથમ ટાઈટલ ડીઝાઈને મન મોહ્યું.. આ વખતમાં ઉદાર શ્રેષ્ઠ ડીઝાઈન-લેઆઉટથી દીપી રહેશે.. સુંદર... અતિસુંદર, મનભાવન ટાઈટલ બદલ શ્રી મલયભાઈ અને ટીમને હૃદયનાં અભિનંદન..

'તંત્રી નોંધ' પણ પ્રસંગોચિત રહી... 'પ્રમુખ નોંધ' પણ તેજસ્વી રહી.. ટૂંકમાં ઘણી બધી વાતો રજૂ કરાઈ... P.P.L.2017 / P.P.L.3 નો અહેવાલ ખરેખર - માણી શકાય તેવો લાગી રહ્યો... વ્યારાનો અહેવાલ પણ વિગતપૂર્ણ રહ્યો...

હજુ પણ વધુ ને વધુ [illegible] પ્રકાશન થતું રહે.. એ શુભેચ્છા...

— [illegible] પંચોલી

# મહિલા સમાચાર

## શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

તા. ૦૪-૦૨-૨૦૧૮ના રોજ પંચોલી વાડીમાં પ્રગતિ મહિલા મંડળની મિટિંગ રાખવામાં આવી હતી. આજનો ડ્રેશકોડ રેડ રાખવામાં આવ્યો હતો.

હેતલબેને સૌને આવકાર્યા અને મહાશીવરાત્રીની શુભેચ્છાઓ પાઠવી. કુસુમબેન સાથે સમૂહ પ્રાર્થના કરી.

કૃતીબેને સરપ્રાઇઝ ગેમ રમાડી જેના વિજેતા અમીબેન હેમંતભાઇ પંચોલી બન્યા. આ માસમાં આવતી બર્થડે તથા એનીવર્સરી વીશ કરવામાં આવી. રીટાબેન ગાંધીએ યોગ તથા મેડીટેશન કરાવ્યું.

પ્રમુખ શ્રીમતિ પારૂલબેને ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને બેસ્ટ ઓફ લક કહી શુભેચ્છાઓ પાઠવી. વેલેન્ટાઇન ડેની ઉજવણી નિમિત્તે શેર-શાયરી પ્રસ્તુત કરી વેલેન્ટાઇન ડે ઉજવ્યો. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

૫૦ કિરણબેન ધર્મેશભાઇ ગાંધી એનીવર્સરી નિમિત્તે
૧૦૧ નિરૂપાબેન સુમનભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે
૫૦ રીટાબેન રાકેશભાઇ ગાંધી-બર્થડે નિમિત્તે.
૫૧ શીતલબેન તરફથી તનીશા મયુરભાઇ ગાંધીની બર્થડે નિમિત્તે.

## શ્રી પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

તા. ૮.૧.૨૦૧૮ના રોજ જયશ્રીબેન દીપનભાઇ પંચોલીના નિવાસ સ્થાને મિટિંગ રાખવામાં આવી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. વેલકમ ડ્રીકસથી સૌનું સ્વાગત કર્યુ.

ગત મિટિંગના અહેવાલનું વાંચન કર્યુ. અને નવા વર્ષ નિમિત્તે બધી બહેનોને હેપી ન્યુ યર કર્યા. જયશ્રીબેને અમારા પ્રોજેક્ટ મંત્રીએ નવા નવા એકસ્ટ્રા પ્રોજેક્ટ કરાવ્યા. મંત્રીશ્રી નયનાબેને ૨૬મી જાન્યુઆરી નિમિત્તે ઝંડો લહેરાવીને દેશભકિત ગીતનું આયોજન કરવામાં આવ્યું તથા દેશ માટેની ધૂન અને નારા બોલાવી દેશ પ્રત્યેનું માન વધાર્યુ હતું. જયશ્રીબેને સૌ બહેનોને ત્રીરંગા રંગનો ડ્રેશ કોડ આપ્યો હતો. આ રીતે રાષ્ટ્રીય દિવસની ઉજવણી ઉલ્લાસભેર કરી.

શિયાળાની ઋતુ હોવાથી વસાણાનો નવો પ્રોજેક્ટ કરવામાં આવ્યો જેમાં પોતાના ઘરે બનાવેલ વસાણું લઇ આવવાનું હતું.

ઉતરાયણનો તહેવાર હોવાથી ચીકી-બોર, પતંગ લઇને બધી બહેનોએ ભાગ લીધો હતો. અંતમાં સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી જયશ્રીબેનનો આભાર વ્યકત કરી તા. ૩-૨-૨૦૧૮ના રોજ મિટિંગમાં મળવાનું અરૂણાબેને જાણ કરી ત્યારબાદ સૌ છુટા પડયા.

ફેબ્રુઆરી

તા. ૩.૨.૨૦૧૮ના રોજ અરૂણાબેન ઇશ્વરભાઇ પંચોલીના નિવાસ સ્થાને મિટિંગ રાખવામાં આવી. પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી આપી. લીબુંના શરબતથી સૌનું સ્વાગત કર્યુ.

ગત મિટિંગનો અહેવાલનું વાંચન કર્યુ. વેલેન્ટાઇન ડે આવતો હોય દરેક બહેનોએ ગુલાબનું ફુલ, બલુન્સ અને ચોકલેટ આપી એકબીજાને વેલેન્ટાઇન ડેની શુભેચ્છાઓ પાઠવી. આજનો ડ્રેસ કોડ હતો રેડ રંગ.

પ્રોજેક્ટ મંત્રીશ્રીએ વૃક્ષારોપણની ઉજવણી કરાવી જેમાં લીમડો, તુલસી અને નાગરવેલના રોપા કુંડામાં વાવ્યા.

શિવરાત્રી આવતી હોય ભાંગ પીવડાવી અને મહાદેવની પ્રાર્થના અને ભજનની રમઝટ બોલાવી.

અરૂણાબેને વન મિનિટ ગેમ રમાડી જેમાં પ્રથમ-જયશ્રીબેન, દ્વિતીય સરોજબેન અને તૃતિય ગીતાબેન વિજેતા બન્યા. અરૂણાબેને હાઉસી ગેમ અને વન મિનિટ ગેમ રમાડી

નિધિબેન નિરવભાઇ પંચોલી તરફથી એનીવર્સરી નિમિત્તે રૂા. ૧૦૧/- મંડળને ભેટ આપી. અંતમાં અરૂણાબેનના સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણ્યો. રેખાબેન કંચનલાલ પંચોલીએ આજની મિટિંગની સુંદર વ્યવસ્થા અને સુંદર ભોજન કરાવવા બદલ આભાર

વ્યકત કર્યો અને તા. ૩-૩-૨૦૧૮ના રોજ એમના નિવાસ સ્થાને મિંટીગમાં પધારવાનું આમંત્રણ પાઠવ્યું.

### તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તા. ૫.૨.૨૦૧૮ના સોમવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે મહિલા મંડળની મિટિંગ રાખવામાં આવી હતી. આજનો ડ્રેસ કોડ હતો લોંગ કુર્તી. કોફીથી સર્વે બહેનોનું સ્વાગત જ્યોત્સનાબેને કર્યુ. મંત્રી સપનાબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો. દત્તબાવની ગાઇ મિટિંગની શરૂઆત કરવામાં આવી. દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી આપી. એક મિનિટની ગેમ રમ્યા. જેમાં પ્રથમ નિકુંજબેન અને દ્વિતીય પ્રિતીબેન જય વિજેતા થયા. બીજી વન મિનિટ ગેમમાં પ્રથમ સપનાબેન અને દ્વિતીય શીલાબેન વિજેતા થયા. વિજેતાબેનોને જ્યોત્સનાબેને ઇનામો આપી નવાજયા.

વેલેન્ટાઇન ડે નિમિત્તે વેલેન્ટાઇન ડે ને લગતા ગીતો ગાઇને એકશન કરવાની હતી. સૌએ ઉત્સાહભેર ભાગ લીધો.. હાર્ટ આકારના બલુન બધાએ ફુલાવ્યા અને એકબીજાને રોઝ આપી એન્જાય કર્યુ.

સોંગ કોમ્પીટીશનમાં પ્રથમ : આનંદીબેન અને દ્વિતીય ભુરીબેન વિજેતા થયા. સુરેખાબેન તરફથી ઇનામો આપવામાં આવ્યા.

અંતમાં હાઉસી રમ્યા અને સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી પ્રીતિબેન મપારાને નિવાસ સ્થાને મિટિંગ રાખવાનું નકકી કરી જ્યોત્સનાબેન તથા એમના પરિવારજનોનો તથા તેમના પરિવારનો આભાર માની છુટા પડયા.

### શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૮.૦૨.૨૦૧૮ના રોજ નીપાબેન મૌલિકભાઇ મિસ્ત્રીને ત્યાં મિટિંગ રાખવામાં આવી હતી. વેલેન્ટાઇન ડે નિમિત્તે રેડ ડ્રેસ કોડ આપવામાં આવ્યો હતો. પ્રથમ સમુહ પ્રાર્થનાથી મિટિંગની શુભ શરૂઆત કરી. ગત મિટિંગનો અહેવાલ મંત્રીશ્રી બિનીતાબેને વાંચી સંભળાવ્યો. આ માસમાં આવતી બર્થડે અને મેરેજ એનીવર્સરીની શુભેચ્છાઓ પાઠવી તથા પ્રમુખ શ્રી મીનાબેન સી. મિસ્ત્રીના વરદ હસ્તે બર્થડે અને એનીવર્સરી ગીફટ આપવામાં આવી.



પ્રોજેકટ અનુસાર વેસ્ટ માંથી બેસ્ટની હરિફાઇ રાખવામાં આવી હતી. અને નિર્ણાયક તરીકે જેતલબેન શાહે સેવા આપી હતી. આ હરિફાઇના વિજેતા પ્રથમ બિનીતાબેન હેમેન્દ્રભાઇ પંચોલી, દ્વિતીય ખુશ્બુબેન વિસ્મયભાઇ મિસ્ત્રી અને તૃતિય કેતકીબેન જેસલભાઇ મિસ્ત્રી થયા હતાં. મીનાબેને જેતલબેનને સ્મૃતિભેટ આપી હતી. જેતલબેને વેસ્ટ માંથી બેસ્ટ વાનગીઓ કઇ રીતે બની શકાય એ અંગે સુચનો આપ્યા હતાં.

વેલેન્ટાઇન ડે નિમિત્તે દરેક બહેનોને ફુલો આપી વેલેન્ટાઇન વીશ કરવામાં આવી. દક્ષાબેને વેલેન્ટાઇન ડે નિમિત્તે બે શબ્દો કહ્યા.. અગામી મિટિંગ હેતલબેન નિમેષભાઇ મિસ્ત્રીને ત્યાં તા. ૧૦-૩-૨૦૧૮ના રોજ રાખવાનું નકકી કરવામાં આવ્યું. ૧૦ તારીખે મહિલા દિનની ઉજવણી કરવાની હોવાથી દેશની ખ્યાતિ પામેલ મહિલાઓ વિશેની સ્પીચ આપીને ઉજવવાનું નકકી કરવામાં આવ્યું.

એક દિવસીય પ્રવાસનું નકિક કર્યા બાદ તા. ૩-૨-૨૦૧૮ના રોજ બપોરે બે કલાકે બહેનો ભેગા થયા અને ભરૂચ ખાતે આવેલ નર્મદા પાર્ક ગાર્ડન જવા રવાના થયા. ગાર્ડનમાં બધી બહેનો વિવિધ રમતો રમ્યા. પ્રવાસ સાથે ડબ્બા પાર્ટીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સૌ બહેનો પોતપોતાના ઘરેથી સુંદર અને સ્વાદિષ્ટ વાનગીઓ બનાવીને લાવ્યા હતાં.

રમતો રમ્યા બાદ ડબ્બા પાર્ટીને ન્યાય આપ્યો.

શિવરાત્રી આવતી હોય ભરૂચના સુપ્રસિદ્ધ નિલકંઠેશ્વર મહાદેવના દર્શન પૂજા અર્ચન અને ભજનો ગાઇ શિવરાત્રીની ઉજવણી કરી. દરેક બેનો પાસે ટોકન ફી લેવામાં આવી હતી. આ પ્રવાસનો ખર્ચ શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર તરફથી આપવામાં આવ્યો તે નિમિત્તે પ્રમુખશ્રીનો આભાર વ્યકત કરી સુંદર પ્રવાસના આયોજન બદલ આભાર વ્યકત કર્યો.

પંચોલી નવયુગ શુભચિંતક શ્રી હરકીશનદાસ ઝીણાભાઇ પંચોલી વ્યારા શીવા ડાઇનીંગ સર્વિસ વ્યારા

## શ્રી પંચોલી મહિલા મંડળ અને સ્વયં યુવા સંગઠન-બીલીમોરા



૨૬મી જાન્યુઆરી ના પ્રજાસત્તાક દિને બીલીમોરા મહિલા મંડળની બહેનો તથા સ્વયં યુવા સંગઠન ના યુવામિત્રોએ બીલીમોરા ના પશ્ચિમમાં આવેલી કેશરીચંદ ભાણાભાઇ કન્યાશાળામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી શાળા પરિવારના શિક્ષક મિત્રો તથા બાળાઓ સાથે કરી હતી.

સૌ પ્રથમ શાળાના આચાર્યા શ્રીમતી શૈલાબેન ટંડેલે ધ્વજવંદન કર્યું હતું. ત્યારબાદ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શોભાબેન મિસ્ત્રીએ બાળાઓને પ્રજાસત્તાક દિન વિષે ટુંકમાં માહિતી આપી હતી તથા શાળાની પ્રગતિ વિષે આચાર્યાને અભિનંદન આપ્યા હતા.

ત્યારબાદ શાળાની બાળાઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો.યુવા સંગઠનના યુવામિત્રોએ તથા મહિલા મંડળની બહેનોએ દેશભક્તિના ગીતો ગવડાવ્યા હતા, તથા બાળાઓને ચોકલેટ આપી મોં મીઠું કરાવ્યું હતું. અંતે શાળા પરિવારને ભેટ આપી સૌએ વિદાય લીધી હતી.

## સ્વયં યુવા સંગઠન-બીલીમોરા

બીલીમોરા સ્વયમ્ યુવા સંગઠનની સામાન્ય સભા શ્રી અલ્પેશભાઇ ચંદ્રકાંત મિસ્ત્રીના નિવાસ સ્થાને રવિવાર તા. ૧૭.૦૨.૨૦૧૮ના રોજ રાત્રે ૯ કલાકે રાખવામાં આવી હતી. મોટી સંખ્યામાં યુવા મિત્રો ભેગા થયા હતાં. સૌ પ્રથમ નવા યુવા મિત્રોને આવકારીને સભ્ય બનાવવામાં આવ્યા તથા સૌનો પરિચય મેળવવામાં આવ્યો હતો.

ક્રિકેટ મેચ તથા તેનું પ્લાનીંગ કેવી રીતે કરવું એ વિશે ચર્ચા વિચારણા કરવામાં આવ અને રવિવારે સવારે ૮.૦૦ કલાકે પ્રેકટીશ માટે ભેગા થવાનું નક્કી કરવામાં આવ્યું.

માર્ચ માસમાં સર્વે વિદ્યાર્થી મિત્રોની પરીક્ષા આવતી હોવાથી શોભાબેન અને કિશોરભાઇ મિસ્ત્રીએ સૌને શુભેચ્છા પાઠવી.

એપ્રિલ માસમાં એક દિવસના પ્રવાસનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું. આજની મિટિંગની સુંદર વ્યવસ્થા કરવા બદલ અલ્પેશભાઇ અને તેમના પરિવારજનોનો આભાર વ્યકત કરી કાજુ શેકને ન્યાય આપી છુટા પડયા.

## દેવના દીધેલ



વ્યારા નિવાસી જીમી ભદ્રેશભાઇ મિસ્ત્રીને ત્યાં પુત્ર રત્ન નો જન્મ તા. ૧૮.૦૨.૨૦૧૮ના રોજ થયો.

માતા : હિનલબેન



વિહાન




વિહા

પાનવડ નિવાસી(હાલ વડોદરા) નિવાસી રિકીનકુમાર પ્રવિણચંદ્ર પંચોલીને ત્યાં (ટવીન્સ) પુત્રી રત્ન વિહા અને પુત્ર રત્ન ચિ. વિહાનનો જન્મ તા. ૧૩.૯.૨૦૧૭ના રોજ થયો

માતા : નિકિતાબેન



# પરિણયની પગદંડી પર



કવાંટ નિવાસી શ્રીમતિ ગીતાબેન અને શ્રી જયેશભાઇ રણછોડભાઇ પંચોલીના સુપુત્ર ચિ. આકાશના શુભ લગ્ન વ્યારા નિવાસી શ્રીમતિ નયનાબેન તથા શ્રી જયેશભાઇ ભીખુભાઇ પંચોલીની સુપુત્રી ચિ. ઈશિતા સાથે તા. ૨૭-૧૧-.૨૦૧૭ના રોજ થયા.



સુરત નિવાસી શ્રીમતિ ભારતીબેન અને શ્રી હેમંતભાઇ છગનલાલ મિસ્ત્રીની સુપુત્રી ચિ. શ્વેતાના શુભ લગ્ન વડોદરા નિવાસી શ્રીમતિ કલ્પનાબેન તથા શ્રી હરેશભાઇ કંચનભાઇ પંચોલીના સુપુત્ર ચિ. સોહિલ સાથે તા. ૨૨-૦૧-.૨૦૧૮ના રોજ થયા.




# એકવાર જાવુ હરિના ધામમાં



વડોદરા નિવાસી જડાવબેન રમણલાલ પંચોલી તા. ૨૯.૧૨.૨૦૧૭ના રોજ હરીના ધામમાં ગયા.. ઉ.વ. ૯૭



રાજપીપલા નિવાસી વિદ્યાબેન મનહરલાલ પંચોલી તા. ૩૦.૦૧.૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા.. ઉ.વ.૮૮



ધમડાછા નિવાસી રવિન્દ્રભાઇ (મંગાભાઇ) પરસોત્તમદાસ પંચોલી તા. ૦૪.૦૨.૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા.. ઉ.વ.૫૦



મુંબઇ નિવાસી વિલાસીનીબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રી તા. ૧૩.૦૨.૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા.. ઉ.વ.૮૩



ચાંદોદ નિવાસી હિરાબેન ચુનીલાલ પંચોલી તા. ૨૮-૧૨-૨૦૧૭ના રોજ હરીના ધામમાં ગયા..



અંકલેશ્વર નિવાસી છગનલાલ આત્મારામ મિસ્ત્રી તા. ૨૬.૦૨. ૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા.. ઉ.વ.૭૯

# ટીપે ટીપે સરોવર ભરાય

૨૫૦/- વડોદરા નિવાસી સંજયભાઇ સી. પંચોલીની સુપુત્રી ચિ. માનસીએ ઇલેક્ટ્રીકલ એન્જીનીયરમાં ત્રણ ગોલ્ડ મેડલ મેળવી સમાજનું ગૌરવ વધાયુ તે નિમિત્તે

૧૫૧/- બીલીમોરા નિવાસી અલ્પેશકુમાર ચંદ્રકાંતભાઇ મિસ્ત્રી તરફથી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે..


૧૫૧/- વડોદરા નિવાસી જ્યોતિબેન શશીકાંતભાઇ પંચોલી તરફથી પોઇત્ર ચિ. વિહાનની મુંડનવિધિ તથા બીજી વર્ષગાંઠ નિમિત્તે.

૫૦/- અંકલેશ્વર નિવાસી છગનલાલ આત્મારામ મિસ્ત્રી તરફથી પૌત્ર ચિ. જીતે મેળવેલ અખિલ ભારતીય પરિષદમાં વકૃત્વ સ્પર્ધામાં દ્વિતીય ઇનામ પ્રાપ્ત કર્યુ તે નિમિત્તે.


## હેપી બર્થડે....




નાયરા જીમીકુમાર મિસ્ત્રી
વ્યારા- તા. ૦૨.૦૩.૨૦૧૬



વીની નિકુંજકુમાર પંચોલી
બીલીમોરા-તા. ૪.૦૩.૨૦૧૭



મીસરી અંકુરકુમાર મિસ્ત્રી
મુંબઈ-તા. ૨૨-૦૨-૨૦૧૬



વિહાન પંચોલી
વડોદરા-તા. ૧-૦૨-૨૦૧૬

નવયુગ શુભેચિંતક સ્વ. દિનેશભાઈ જમનાદાસ મિસ્ત્રી નવસારી શ્રી દિપકભાઈ મગનલાલ પંચોલી બિલીમોરા

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**